**આવી ઘટના સતત બનતી હોવા છતાં પાલિકા જર્જરિત એપાર્ટમેન્ટ સામે કોઇ પગલાં ભરતી નથી**

# પાલિકાની જર્જરિત મકાનોને નોટિસ

**વલસાડમાં** એપાર્ટમેન્ટની ગેલેરીની દિવાલ ધડાકાભેર તૂટી પડી, દિવાલ રસ્તા પર પડતા કારને નુકસાન, કોઇ જાનહાનિ નહીં

**આવી** ઘટના સતત બનતી હોવા છતાં પાલિકા દ્વારા જર્જરિત એપાર્ટમેન્ટ સામે કોઇ પગલાં ભરાતા નથી

**ફાયરની** ટીમે સર્વે અને બાંધકામ વિભાગે નોટિસ આપી સંતોષ માન્યો




વલસાડ : વલસાડમાં છેલ્લા થોડા સમયથી જર્જરિત મકાનો તૂટી પડવાની કે તેની દિવાલો તૂટી પડવાની અનેક ઘટનાઓ બની છે. જેમાં સદનસીબે કોઇ જાનહાનિ થતી નથી. આવી જ વધુ એક ઘટના વલસાડના મદનવાડમાં બની છે. જેમાં જર્જરિત એપાર્ટમેન્ટની ગેલેરીની દિવાલ ધડાકાભેર તૂટી પડી હતી. આ દિવાલ રસ્તા પર પડી હતી. જેમાં એક કારને નુકસાન થયું હતુ. જોકે, કોઇ જાનહાનિ થઇ ન હતી. જો કે વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના 50 થી વધુ જર્જરિત મકાનોને નોટિસ પાઠવાઇ છે. જેમાં મહત્તમ એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે.

આવી ઘટના સતત બનતી હોવા છતાં પાલિકા દ્વારા જર્જરિત એપાર્ટમેન્ટ સામે કોઇ પગલાં ભરાતા નથી. તેમના દ્વારા માત્ર નોટિસ આપીને જ સંતોષ મનાઇ રહ્યો છે. વલસાડ મદનવાડ વિસ્તારમાં આવેલા શિવ એપાર્ટમેન્ટની ગેલેરીની દિવાલ આજરોજ ધડાકાભેર તૂટી પડી હતી. જેના પગલે ભારે દોડધામ મચી ગઇ હતી. આ દિવાલનો ભાગ રોડ પર પડ્યો હતો. જેનો થોડો ભાગ રોડ પર ઉભી રહેલી એક કાર પર પડતાં કારને નુકસાન થયું હતુ. જોકે, કોઇ વ્યક્તિ પર દિવાલ પડી ન હોય જાનહાનિ થઇ ન હતી. આ ઘટનાના પગલે ફાયરની ટીમ આવી ગઇ હતી અને તેમણે સર્વે કરી સંતોષ માન્યો હતો. બીજી તરફ બાંધકામ વિભાગે તેમને નોટિસ આપી સંતોષ માન્યો હતો.

### શાકભાજી માર્કેટના 120 આવાસ જેવા અનેક મકાનો

વલસાડ નગરપાલિકાએ પોતાની માલિકીનું શાકભાજી માર્કેટ સ્થિત 120 આવાસનું ડિમોલિશન કરી નાખ્યું હતુ. આ મકાનના અનેક ભાગો તૂટી પડતા હતા. આ આવાસની આજુબાજુ અને અંદર રોજ હજારો માણસોની અવરજવર હોય લોકોના જીવનું જોખમ હતું. જેના કારણે તેનું ડિમોલિશન થયું હતું. આવા જ અનેક જોખમી મકાનો છે. પાલિકાના જ આવા અનેક શોપિંગ સેન્ટરો છે. જે ખૂબ જર્જરિત છે. તેને જમીનદોસ્ત કરવાની તાતી જરૂરિયાત ઉભી થઇ છે.

### કેટલાક લોકોએ સામેથી મકાન તોડવા પણ જણાવ્યું છે

વલસાડ શહેરમાં કેટલાક મકાનો એવા છે જે સામેથી તોડવા જણાવ્યું છે, પરંતુ પાલિકા તેનું પણ પાલન કરતી નથી. જેમાં ભાડુઆતનો વિવાદ હોય પાલિકા આ મકાન તોડતા અટકી રહી છે. આવું જ એક મકાન વી.પી રોડ પર છે. જેના માલિકે પાલિકાને પોતાનું જર્જરિત મકાન તોડવા જણાવ્યું હતુ, પરંતુ નીચે દુકાનો ધમધમતી હોય દુકાનો ખાલી થતી નથી અને વ્હાલા દાવલાની નીતિ અપનાવી તેની સામે પગલાં પણ ભરાતા નથી.

### એક જર્જરિત એપાર્ટમેન્ટ અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયુ

વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના 50 થી વધુ જર્જરિત મકાનોને નોટિસ પાઠવાઇ છે. જેમાં મહત્તમ એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. આ પૈકીના 15 થી વધુ જર્જરિત મકાનો એવા છે કે, જે ગમે ત્યારે તૂટી પડે છે. તેની દિવાલ તૂટી પડે તો મોટું નુકસાન થઇ શકે છે, પરંતુ તેમ છતાં પાલિકા તેની સામે કોઇ કડક પગલાં ભરતી નથી. આ મકાનોમાં સરકારી મકાનો પણ છે. વલસાડ ગવર્મેન્ટ કોલોની પાછળ પીડબલ્યુડીનું પણ એક એપાર્ટમેન્ટ જર્જરિત હાલતમાં છે. તેને તોડવાની પણ કોઇ તસ્દી લેતું નથી. જેના કારણે રાત્રિ દરમિયાન આ મકાન અસામાજીક તત્વોનો અડ્ડો બની જતું હોય છે.

**ચૂંટણી આયોગે જાહેર કરેલી અનામત કેટેગરી જોતા ચીખલીમાં**

# પં.ની બેઠકોમાં કોળી પટેલનો એકડો નીકળી જવાની સ્થિતિ

**ખોબે** ખોબા ભરીને મત આપવા છતાં કોળી સમાજનું પ્રતિનિધિત્વ રહે તેની તકેદારી રાખવામાં ન આવતા ભાજપ સામે રોષની લાગણી

ઘેજ : ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલી અનામત કેટેગરી જોતા ચીખલી તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની બેઠકોમાં કોળી પટેલનો એકડો નીકળી જાય તેવી સ્થિતિમાં ગામે ગામ સમાજમાં ઉકળતો ચરુ જોવા મળી રહ્યો છે. ખોબા ખોબા ભરીને મત આપવા છતાં પણ કોળી સમાજનું તાલુકા જિલ્લામાં પ્રતિનિધિત્વ રહે તેની તકેદારી રાખવામાં ન આવતા સતાધારી ભાજપ સામે પણ રોષની લાગણી ફેલાઇ જવા પામી છે.

ચૂંટણી આયોગે તાલુકા પંચાયત અને બાદમાં જિલ્લા પંચાયતની બેઠકોની અનામત કેટેગરી જાહેર કરી છે. અનામત કેટેગરી રોટેશન પદ્ધતિના આધારે જાહેર કરાતી હોય છે. પરંતુ રોટેશનમાં જે તે બેઠકમાં વસ્તીને ધ્યાનમાં ન લેવાતા હાલે તાલુકામાં તાલુકા અને જિલ્લા પંચાયતમાં કોળી સમાજનો એકડો નીકળી જાય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.

તાલુકા પંચાયતની ૨૮-પૈકી એસટી-૧૯, ઓબીસી-૩ અને સામાન્ય-૫ એ પ્રકારની અનામત કેટેગરી જાહેર કરાઇ છે. જેમાં ઓબીસી સામાન્ય ફડવેલ અને ગોડથલ જ્યારે બામણવેલ ઓબીસી સ્ત્રી માટે અનામત જાહેર કરાઇ છે. ફડવેલ અને ગોડથલમાં કોળી સમાજની વસ્તીનો અભાવ છે. બામણવેલમાં પણ એટલા કોળી પટેલો નથી જ્યાં સામાન્ય બેઠકો જાહેર કરાઈ છે. ત્યાં પણ કોળી સમાજની વસ્તી નથી અને હોય તેવામાં પણ નેવું ટકાથી વધુ એસટી સમાજના મતદારો હોય તેવામાં કોળી કે અન્ય સમાજના લોકોને પ્રતિનિધિત્વ મળવું મુશ્કેલ છે. જિલ્લા પંચાયતની તાલુકામાં આઠ પૈકી એક પણ ઓબીસી માટે નથી અને રૂમલા, માંડવખડક સામાન્ય બેઠક જાહેર કરાઇ છે. પરંતુ ત્યાં નેવું ટકાથી વધુ વસ્તી એસટી સમાજની હોય તેવામાં જાતિવાદના રાજકારણમાં અન્ય સમાજના ઉમેદવારોએ જીત મેળવવી અશક્ય જણાતી હોય છે.

### રોટેશન પદ્ધતિ સામે અનેક સવાલો ઉભા થયા

જિલ્લા પંચાયતની ઘેજ અને સમરોલી અને સાદકપોર બેઠકમાં કોળી સમાજની વસ્તી નોંધપાત્ર છે. પરંતુ આ ત્રણેય બેઠકો એસટી માટે અનામત જાહેર કરાઈ છે. અને નવાઈની વાત એ છે કે સમરોલી અને ઘેજ બેઠક તો ગત ટર્મમાં પણ એસટી માટે જ અનામત હતી. ત્યારે આ બંને બેઠકો આ વખતે પણ એસટી અનામત જાહેર કરી પુનરાવર્તન જ કરવામાં આવ્યું છે. ઘેજ બેઠક ગઇ વખતે એસટી સ્ત્રી હતી. તે માત્ર એસટી સામાન્ય કરાઈ છે. ત્યારે રોટેશન પદ્ધતિ સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. કોળી સમાજનું પ્રભુત્વ હોય તેવા ગામો ધરાવતી તાલુકા જિલ્લાની બેઠકો અન્ય કેટેગરી માટે અનામત જાહેર કરાઇ છે.તેવી સ્થિતિમાં તાલુકા અને જિલ્લા પંચાયતમાં ચીખલી તાલુકામાં કોળી સમાજનો એક્કો ભૂંસાઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

### કાયદાકીય જોગવાઈનો અભ્યાસ કરીને કોર્ટનું શરણું લેવું પડશે

સાદકપોરના કોળી સમાજના અગ્રણી શૈલેષભાઇના જણાવ્યાનુસાર ચીખલી ઉપરાંત સમગ્ર જિલ્લામાં જિલ્લા પંચાયતની બેઠકોની અનામત કેટેગરી જાહેર કરાય છે તે ભૂલ ભરેલી અને સમાજને અન્યાય કરતા છે. રોટેશન પદ્ધતિ સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે ત્યારે કાયદાકીય જોગવાઈનો અભ્યાસ કરીને જરૂર પડ્યે કોર્ટનું શરણું પણ લેવા પડશે તો લઈશું.

# સાયબર ફ્રોડમાં બીલીમોરામાં મ્યુલ એકા.નાં ઇનપુટ મળ્યા

**મ્યુલ** એકાઉન્ટ દ્વારા રૂપિયા ૬ લાખની હેરાફેરીમાં બે સરદાર યુવાનની ધરપકડ

બીલીમોરા : દેશભરમાં સાયબર ફ્રોડની તપાસ વેળા બીલીમોરામાં મ્યુલ એકાઉન્ટનાં ઇનપુટ મળ્યા હતા. તે આધારે બીલીમોરા પોલીસે તપાસ કરતા ઓનલાઈન ફ્રોડનાં રૂપિયા ૬ લાખ સગેવગે કરનાર બે યુવાનની ધરપકડ કરી હતી.

બીલીમોરા નર્સરી રોડ સ્થિત તમિલનાડુ મર્કન્ટાઇલ બેંક લિ. નાં એક ખાતાની લેવડદેવડ શંકાસ્પદ લાગતા તેની તપાસમાં મ્યુલ એકાઉન્ટ હોવાના તથ્યો સામે આવ્યા હતા. જેમાં દેવસર શીખ કેમ્પમાં રહેતો અને શાકભાજી વેચવાનો ધંધો કરતો ગુરુપ્રીતસીંગ રમેશસીંગ સરદારને પોલીસે પકડી લીધો હતો. દેશભરમાંથી ઓનલાઇનથી ફ્રોડ કરેલી રકમ તેના બેંક ખાતામાં જમા થતી હતી. જેને સુરજીતસિંગ હરદેવસિંગ લબાના (રહે. નવજીવન કોલોની ગૌહરબાગ બીલીમોરા) દ્વારા ઉપાડી લેવાતી હતી. આમ ફ્રોડની રકમ સગેવગે કરવામાં આવતી હતી. ગુરુપ્રીતસીંગનાં ખાતામાંથી રૂપિયા ૨.૧૫ લાખ સગેવગે કરાયા હતા. તપાસ દરમ્યાન ગુરુપ્રીતસીંગ સરદારે કહ્યું કે તેને સુરજીત સિંગએ બેંકમાં ખાતું ખોલવા રૂપિયા બે હજાર આપ્યા હતા. તેમજ ડિપોઝીટ પણ તેણે ભરી હોવાની વાત કહી હતી. તેની લાલચમાં ગુરુપ્રીતસીંગે તમિલનાડુ મર્કન્ટાઇલ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. અને બેંક પાસબુક, ચેક બુક અને એટીએમ સુરજીતસિંગે લઈ લીધા હતા. આ સિવાય સુરજીતસિંગે બેંક ઓફ મહારાષ્ટ્ર, યુકો બેંક, યુનિયન બેંક, બેંક ઓફ ઇન્ડિયા અને પંજાબ નેશનલ બેંક મળી કુલ ૬ બેંકમાં તેના નામે મ્યુલ એકાઉન્ટ ખોલાવી એકાઉન્ટ દીઠ રૂપિયા બબ્બે હજાર ગુરુપ્રીતસીંગને આપી સુરજીતસિંગ લબાનાએ ઓનલાઈન ફ્રોડથી આવેલી કુલ રૂપિયા ૬.૦૧ લાખની રકમનો વહીવટ કર્યો હતો. બીલીમોરા પોલીસનાં પીએસઆઇ એમ એસ ભીસરેએ ફરિયાદી બની ઉપરોક્ત બંને આરોપી વિરુદ્ધ આઇટી એક્ટ હેઠળ છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો. જેની તપાસ બીલીમોરા સેકન્ડ પીઆઈ એમડી ગામીત કરી રહ્યા છે.

# વલવાડામાં તાર-ખૂટાના કમ્પાઉન્ડ બાબતે અથડામણ

**બે** મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભીલાડ નજીક આવેલા વલવાડા ગામમાં જમીન પર તાર-ખૂટાના કમ્પાઉન્ડ બનાવવા જેવી સામાન્ય બાબતે મારામારી થતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ભીલાડ પોલીસ સ્ટેશનમાં બે મહિલા સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વલવાડા વાડી ફળિયામાં રહેતા ફરિયાદી તારાબેન મહેશભાઈ કોળી પટેલ (ઉ.વ. 56) ના ઘરની સામેની જમીન પર શુક્રવારે બપોરે મજૂરો તાર-ખૂટાનું કમ્પાઉન્ડ કરી રહ્યા હતા. આ દરમિયાન તારાબેન અને તેમના દેરાણી અમિષાબેનને ત્યાં જઈને મજૂરોને વિનંતી કરી હતી કે, રોડથી થોડું અંતર રાખીને વાડ બનાવવામાં આવે. જોકે, મજૂરોએ જણાવ્યું હતું કે તેમના શેઠ રાજુભાઈએ રોડને અડીને જ તાર ખેંચવાની સૂચના આપી છે.

આ ચર્ચા ચાલી રહી હતી ત્યારે પડોશમાં રહેતા આરોપીઓ મિતાંગ દોલતભાઈ કોળી પટેલ, મેઘાબેન મિતાંગ પટેલ અને ઉષાબેન દોલતભાઈ પટેલ ત્યાં ધસી આવ્યા હતા. તેમણે તાર-ખૂટાની વાડ તો અહીં જ બનશે તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. ઉશ્કેરાયેલા મિતાંગે તારાબેનને જોરદાર ધક્કો મારતા તેઓ નીચે પટકાયા હતા, જેના કારણે તેમને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરો જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી ગયા હતા. ઈજાગ્રસ્ત મહિલાની ફરિયાદના આધારે ભીલાડ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ મારામારી અને ધમકી આપવાનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### બગવાડા હાઈવે પર આગથી કાર બળીને ખાખ




પારડી : પારડી તાલુકાના બગવાડા ટોલ પ્લાઝા પર ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. વલસાડ પાસિંગની સ્વિફ્ટ કારમાં શોર્ટ સર્કિટ થતા આગ ફાટી નીકળી હતી. જેને પગલે કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી અને ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડ દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ આગ પર કાબૂ મેળવ્યો હતો, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### આર. કે. દેસાઇ કોલેજના વિદ્યાર્થીઓને Industrial visit કરાવવામાં આવી



વાપી : વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ તો કરે જ છે પણ જે જ્ઞાન મેળવી ભવિષ્યમાં નોકરી કરવા જશે ત્યારે એમને કેવો અનુભવ થઈ શકે એ બાબતથી વાકેફ કરવા આર. કે. દેસાઇ કોલેજે 2 દિવસ બાલાજી કંપની, ડુંગરીમાં મુલાકાતનું આયોજન કર્યું હતું. જેમાં B. Com, M. Com અને B. B. A. ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. કોઈ પણ કામ દરમિયાન વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે જે તેમને તેમના સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારિક પરિસ્થિતિઓમાં લાગુ કરવા માટે પડકાર આપે છે. આ અનુભવ વિવિધ કૌશલ્યો વિકસાવવા માટે મહત્વપૂર્ણ છે. જેનો અહેસાસ વિદ્યાર્થીઓને આ મુલાકાત દ્વારા થયો. આ અનુભવ કરાવવા માટે ડો. અમિત સોનાવણે અને પ્રો. બિંદિયા પટેલે સારા પ્રયાસ કર્યા હતા. આ આયોજનને પાર પાડવા કોલેજના પ્રિન્સિપાલ ડો શીતલ ગાંધીએ પણ સહકાર આપ્યો તેમજ આ આયોજનની સફળતા પ્રાપ્ત કરવા બદલ કોલેજના ચેરમેન મિલન દેસાઇ અને કેમ્પસ ડાયરેક્ટર ડો મિત્તલ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

### પારડી ખેરલાવના યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

પારડી : પારડી તાલુકાના ખેરલાવ વાણીયાવાડ ખાતે રહેતા યોગેશ છના નાયકા (ઉંવ.30) ગત 8 જાન્યુઆરીના રોજ રાત્રિના ઘરેથી નીકળી ગયો હતો. જેની આસપાસ શોધખોળ કરતા બીજે દિવસે વિજયની આંબાવાડીમાં ઝાડ સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ આસપાસના લોકો તથા પારડી પોલીસને થતા સ્થળ ઉપર આવી પહોંચી હતી. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે મૃતક યોગેશના ભાઈ મનોજ નાયકાએ ફરિયાદ નોંધાવી હતી. મૃતક યુવાનની લાશને રોહિણા સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે, જોકે યુવાનના આત્મહત્યાનું કારણ હજું અકબંધ રહ્યું હતું.

# નિયમોના ભંગ બદલ નવસારીમાં 50 CSC સેન્ટરોના આઈડી બ્લોક

**લોગિન** આઈડી તાત્કાલિક અસરથી બ્લોક કરી દેવાતા VLE (વિલેજ લેવલ એન્ટ્રપ્રિન્યોર) સંચાલકોમાં ચિંતાનો માહોલ

**વાંસદા** ૧૦, ચીખલી ૧૦, ગણદેવી ૫, જલાલપોર ૧૦, ખેરગામ ૫ અને નવસારી ૧૦ સેન્ટરો સામે કાર્યવાહી

નવસારી : નવસારી જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે નિયમોના પાલન મુદ્દે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. નક્કી કરેલા નિયમોનું ઉલ્લંઘન કરનારા ૫૦ CSC સેન્ટરોના લોગિન આઈડી તાત્કાલિક અસરથી બ્લોક કરી દેવામાં આવ્યા છે. આ પગલાંથી VLE (વિલેજ લેવલ એન્ટ્રપ્રિન્યોર) સંચાલકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લા CSC મેનેજર પ્રદીપ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ નવસારી જિલ્લામાં ૧૩૦૦થી વધુ CSC સેન્ટરો કાર્યરત છે, જ્યાં નાગરિકોને વિવિધ સરકારી અને અર્ધસરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડવામાં આવે છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી મળેલી ફરિયાદો તથા આંતરિક તપાસ દરમિયાન અનેક સેન્ટરો પર નિયમોનું યોગ્ય પાલન ન થતું હોવાનું સામે આવ્યું હતું. ખાસ કરીને રેટલિસ્ટ ન લગાવવું, સ્થાયી ઓફિસ ન હોવી અને પોલીસ ક્લિયરન્સ સર્ટીફિકેટ (PCC) વિના કામગીરી કરવામાં આવતી હોવાનું જણાયું હતું.

આ અનિયમિતતાઓને ધ્યાને લઈને પ્રાથમિક તબક્કે જિલ્લાના ૫૦ CSC સેન્ટરોના આઈડી બ્લોક કરી તેમની કામગીરી અટકાવવામાં આવી છે. તાલુકાવાર વિગતો મુજબ વાંસદા ૧૦, ચીખલી ૧૦, ગણદેવી ૫, જલાલપોર ૧૦, ખેરગામ ૫ અને નવસારી ૧૦ સેન્ટરો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

### બોર્ડ લગાવવું, સર્વિસ ચાર્જનું લિસ્ટ પ્રદર્શિત કરવું ફરજિયાત

તંત્ર દ્વારા હવે કડક માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવી છે. દરેક CSC સંચાલકે ફરજિયાત બોર્ડ લગાવવું, સર્વિસ ચાર્જનું લિસ્ટ જાહેર રીતે પ્રદર્શિત કરવું અને સ્થાયી ઓફિસ હોવી અનિવાર્ય બનાવવામાં આવ્યું છે. ઉપરાંત દરેક સંચાલક પાસે માન્ય પોલીસ ક્લિયરન્સ સર્ટીફિકેટ હોવું ફરજિયાત રહેશે. નિયમોના ભંગ બદલ આગળ પણ આઈડી બ્લોક કરવાની કાર્યવાહી ચાલુ રહેશે. ડિજિટલ સેવાઓના નામે નાગરિકો સાથે છેતરપિંડી કે અનિયમિતતા સહન કરવામાં નહીં આવે અને જરૂર પડે તો સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે, તેમ જિલ્લા CSC મેનેજરે જણાવ્યું છે.

### સાયબર ઠગાઈ કેસમાં આરોપી ગોવાથી ઝડપાયો

**આરોપીને** પોલીસ દિલ્હી લઇ ગઈ, જ્યાં અગાઉ પકડાયેલા આરોપીઓ સાથે પૂછપરછ હાથ ધરશે

નવસારી : એક વર્ષ અગાઉ નોંધાયેલા સાયબર ઠગાઈના મહત્વપૂર્ણ કેસમાં અગાઉ પોલીસે દિલ્હીના બે શખ્સોની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે ઠગાઈથી મેળવેલી રકમ આંગડિયા મારફતે પિયુષ પારેખને મોકલવામાં આવતી હતી. આ માહિતીના આધારે પોલીસે પિયુષ પારેખને ઝડપી પાડવા માટે વિશેષ કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે પિયુષ પારેખ મૂળ રાજકોટનો રહેવાસી છે અને મોટાભાગે દુબઈમાં રહેતો હતો. દરમિયાન પોલીસે પિયુષ પારેખને ગોવામાં રેડ પાડી ઝડપી પાડ્યો હતો. આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હાલ પોલીસ પિયુષ પારેખને લઈને દિલ્હી ગઈ છે, જ્યાં અગાઉ ધરપકડ કરાયેલા આરોપીઓ સાથે સામસામે પૂછપરછ તેમજ કેસ સંબંધિત વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ધોરણ-11ની વિદ્યાર્થિનીનો ફાંસો ખાઈ આપઘાત

**પારડીની** વિદ્યાર્થિની સ્કૂલે જવાને બદલે આંબાવાડીમાં પહોચી યુનિફોર્મના દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધો



પારડી : પારડીના રાબડીની પ્રોગ્રેસિવ સાર્વજનિક સ્કૂલની 16 વર્ષીય વિદ્યાર્થિનીએ આંબાવાડીમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે.

રાબડીના પ્રધાન ફળિયામાં રહેતા મોહન પટેલની દીકરી ક્રિષ્નાકુમારી ધોરણ-11માં અભ્યાસ કરતી હતી. શનિવારે સવારે સ્કૂલ જવા તૈયાર થઈ ઘરેથી નીકળી હતી. જોકે, તે શાળાએ પહોંચવાને બદલે ગામની આંબાવાડીમાં જઈ આંબાની ડાળી સાથે સ્કૂલ યુનિફોર્મના દુપટ્ટા વડે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.

ઘટનાની જાણ સરપંચને થતા તેમણે પરિવાર અને પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી અંતિમ વિધિ માટે પરિવારને સોંપ્યો હતો. ભણવામાં તેજસ્વી એવી આ તરુણીએ આત્યંતિક પગલું શા માટે ભર્યું તે હજુ જાણી શકાયું નથી.


**જાહેર નોટિસ**

શ્રી પિલૂ મોદી એજ્યુકેશન એન્ડ સોશ્યલ વેલફેર પબ્લિક ટ્રસ્ટ, રજી. નં. E/1355, વલસાડ, ના તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે ટ્રસ્ટ દ્વારા કાનૂની / વૈધાનિક હેતુસર સભ્યતા નોંધણી રજિસ્ટર અપડેટ કરવામાં આવી રહ્યું છે.

**આથી તમામ સભ્યોને વિનંતી છે કે ચકાસણી માટે નીચે દર્શાવેલ દસ્તાવેજો રજૂ કરે:**

1. સભ્યતા ફી ભરપાઈની રસીદની નકલ, અને
2. સરકાર દ્વારા જારી કરેલ માન્ય ફોટો ઓળખપત્રની એક નકલ (આધાર કાર્ડ / મતદાર ઓળખપત્ર / પાસપોર્ટ / ડ્રાઈવિંગ લાયસન્સ)

**સરનામું:**
ટ્રસ્ટનું કાર્યાલય
પ્લોટ નં. ૧૨, ઉપાસના સ્કૂલ પાસે, જી.આઈ.ડી.સી. વિસ્તાર, ગુનજન, વાપી - ૩૯૬૧૯૫
અંતિમ તારીખ: ૧૭/૦૧/૨૦૨૬

Sd/-
પ્રમુખ
**શ્રી પિલૂ મોદી એજ્યુકેશન એન્ડ સોશ્યલ વેલફેર પબ્લિક ટ્રસ્ટ**
તારીખ: ૧૦/૦૧/૨૦૨૬, સ્થળ: વાપી